mahindra
CONSTRUCTION EQUIPMENT

# અચૂક નફા

## સાથે કરો ઉજ્જવળ ભવિષ્યની રચના

EARTHMASTER
SX SMART 50




With
iMAXX
Telematic Remote Care

# સફળતા માટે મહિન્દ્રા
## દ્વારા નિર્મિત

- મહિન્દ્રા કન્સ્ટ્રક્શન ઈક્વિપમેંટ યુ.એસ. ડૉલર 19.4 બિલિયન કંપનીઓના વૈશ્રિવક સંગઠન - મહિન્દ્રા ગ્રુપનો હિસ્સો છે. જે સમગ્ર વિશ્ર્વમાં 100થી વધુ દેશોમાં 2 56 000 કર્મચારીઓ સાથે ગૌરવપૂર્ણ ઊંચું સ્થાન ધરાવે છે.
- "રાઈઝ" ને તેના સંચાલક બળ તરીકે અને શ્રેષ્ઠ કૃષિ ઉપકરણો અને ઉપયોગી વાહનોના નિર્માણના દાયકાઓના પીઠબળ સાથે, મહિન્દ્રા ગ્રુપ હવે કન્સ્ટ્રક્શન ઈક્વિપમેંટ ઉદ્યોગ ક્ષેત્રે બ્રેકથ્રૂ ટેક્નોલૉજીનો અમલ કરતા ઉત્પાદનો સાથે સાહસ ભર્યો પ્રવેશ કરે છે.
- આ યાત્રાની શરૂઆત ચાકન, પૂના ખાતે અમારા ઉત્પાદન એકમની રજુઆત સાથે થઈ છે. 10 000 m²ના વિશાળ એરિયામાં કાર્યરત આ એકમમાં અમે અત્યાધુનિક ટેક્નોલૉજી તેમ જ ફુલ્લી ઑટોમેટિક રોબોટિક વેલ્ડિંગ યુનિટ્સના ઉપયોગ દ્વારા બેજોડ ફિનિશ ધરાવતા સર્વોત્તમ ઉત્પાદનોની રચના કરીએ છીએ.
- દરેક ઉત્પાદન બહાર આવે એ પહેલા લાગુ કરાયેલ અદ્યતન NOVA-C સાથે સખત અને સંપૂર્ણ ગુણવત્તા ચકાસણી માંથી પસાર થાય છે.




## પારિતોષિકો અને પ્રસિદ્ધિ

- 'ઈમર્જિંગ કન્સ્ટ્રક્શન ઈક્વિપમેંટ કંપની' - સીઆઈએ વર્લ્ડ એવોર્ડ્સ 2016 ખાતે
- 'બેસ્ટ મ્યુનિસિપલ સોલ્યૂશન' - મ્યુનિસિપાલિકા અને કેપેક્સ 2017 ખાતે
- 'બેસ્ટ ડિઝાઈન ઈકો-ફ્રેન્ડલી કન્સ્ટ્રક્શન ઈક્વિપમેંટ' યેલો ડૉટ એવોર્ડ્સ 2017 ખાતે
- 'ઈનોવેટિવ પ્રોડક્ટ ઈન રોડ કન્સ્ટ્રક્શન' પ્રતિષ્ઠિત ઈપીસી વર્લ્ડ એવોર્ડ્સ 2017 ખાતે
- 'ઈનોવેટિવ પ્રોડક્ટ ઑફ દ યર 2017' પ્રતિષ્ઠિત કન્સ્ટ્રક્શન ટાઈમ્સ એવોર્ડ 2017 ખાતે

MADE FOR INDIA

# ભારત માટે નિર્મિત.

# નિશ્ચિત સફળતાની બાંયધરી

મહિન્દ્રાના ડિઝાઈનર્સ ટેક્નોલૉજીને ઉચ્ચ સ્તરે લઈ ગયા છે. વર્તમાન પરિસ્થિતિને જોતા, અમારા પોતાના બૅકહો લોડરમાં નાટ્યાત્મક છલાંગ મારતા તદ્દન નવા અર્થમાસ્ટર SX સ્માર્ટની રચના કરી છે. આની રચના ભારતીય ઉપયોગિતાને ધ્યાનમાં રાખી સવિશેષ કરવામાં આવી છે જે બૅકહો લોડર શ્રેણીમાં બધાં જ ધોરણોને પરાસ્ત કરે છે.

36.2 kW (49.2 HP), નૅચરલી એસ્પિરેટેડ મહિન્દ્રા ઍંજિન, શ્રેણીમાં શ્રેષ્ઠ ઇંધણ કાર્યક્ષમતા અને સર્વોચ્ચ બૅકહો કામગીરી સાથે, અર્થમાસ્ટર SX સ્માર્ટ તમને અકલ્પનીય બચત પણ કરાવશે.

ધરોહર સમી મહિન્દ્રા બ્રાન્ડ ભારતની આઝાદી પહેલાથી અસ્તિત્વ ધરાવે છે. ભારતમાં પરિવહન ઉદ્યોગમાં ક્રાંતિના તેના ઈતિહાસને જોતા, ફરી એકવાર મહિન્દ્રાએ અર્થમાસ્ટર સાથે સીમાચિહ્ન રુપ પગલું સિદ્ધ કર્યું છે. અર્થમાસ્ટર SX સ્માર્ટનું નિર્માણ ભારતમાં કરાય છે. તેના ઍંજિનનું નિર્માણ નાગપુર ખાતે થઈ રહ્યું છે જ્યારે બાકીના મશીનો પુણે નજીક અમારા ચાકન પ્લાંટમાં નિર્માણ અને એસેમ્બલ કરવામાં આવે છે. આ સ્વદેશી રચના સાથે વિશ્ર્વ સ્તરની ખૂબીઓ ધરાવતા મશીનો છે, જે ભારતીય ગ્રાહકો અને તેમની આવશ્યકતાઓના વિસ્તૃત સંશોધન પછી રચના કરવામાં આવ્યાં છે.

અર્થમાસ્ટર ભારતમાં સુસ્થાપિત થયેલ છે અને 10 વર્ષ પૂર્વે તેની રજુઆતથી અત્યાર સુધીમાં 5000+ ખુશહાલ ભારતીય ગ્રાહકો ધરાવે છે. છેલ્લાં 10 વર્ષોમાં ભારતના નિર્માણમાં તે ઘણું ઉપયોગ રહ્યું છે કેમ કે તે ભારતમાં, ભારતીય દ્વારા અને ભારત માટે નિર્માણ કરાયું છે.




# મહિન્દ્રાનું તદ્દન નવું BS IV ઍંજિન.

# તમને સમૃદ્ધિ તરફ લઈ જાય.

ઈંધણ કાર્યદક્ષતા 4.2* l/h

આંતરરાષ્ટ્રીય સ્તરે સિદ્ધ થયેલ મહિન્દ્રા ઍંજિન, શ્રેણીમાં શ્રેષ્ઠ ઇંધણ કાર્યદક્ષતા અને સર્વોચ્ચ બૅકહો કામગીરી અર્થમાસ્ટર SX સ્માર્ટને સહજ રીતે જ બચતનો રાજા બનાવે છે. એટલું જ નહીં, આ સિવાય હજી ઘણું છે:

- મહિન્દ્રાએ ટ્રૅક્ટરના ઍંજિનો માંથી શીખ મેળવીને તેના ઇંધણના વપરાશને નોંધપાત્ર 4.2* l/h સુધી ઓછો કર્યો છે, જે ગ્રાહકોની બચતને એકંદરે સકારાત્મક અસર કરે છે.
- મહિન્દ્રાના ઍંજિન તમને ઓછા જાળવણી ખર્ચ સાથે વિશ્ર્વસનીયતાની બાંયધરી પૂરી પાડે છે.
- અર્થમાસ્ટર SX સ્માર્ટ વિશાળ કદનું રેડિએટર ધરાવે છે જે પ્રખર ઉનાળામાં પણ ઑવરહીટિંગ ન થાય તે સુનિશ્ચિત કરે છે. આના પાર્ટસ પણ વ્યાપક ઉપલબ્ધતા ધરાવે છે.
- આનો 36.2 kW (49.2 HP) પાવર ઊચ્ચ સ્તરના બૅકહો પર્ફોર્મન્સ માટે સમુચિત છે.
- સારી રીતે પરીક્ષણ કરાયેલું આનું મહિન્દ્રા ઍંજિન અત્યંત વિશ્ર્વસનીય હોવા સાથે સૌથી ઓછો ઑવરહોલિંગ ખર્ચ ધરાવે છે.
- ઈનલાઈન એફઆઈપી મૅકેનિકલ ઍંજિનમાં સિદ્ધ અને પરીક્ષણ થયેલ નિપુણતા.
- આને રિપૅર કરવું સહેલું છે જે માનસિક શાંતિ સુશ્ચિત કરે છે.
- આનો ઈનલાઈન ફ્યુઅલ પમ્પ સરળ અને ખર્ચ કાર્યક્ષમ છે.
- અન્ય અનેક ઓઈએમ માટે પણ નિર્માતા રહ્યા છે.

SX SMART50

# ખૂબીઓનો ગુચ્છ.
# સમૃદ્ધિનું વચન.

અર્થમાસ્ટર SX સ્માર્ટ 50 કામગીરીનું પાવરહાઉસ છે. પરંતુ આને ખરા અર્થમાં વિશેષ બનાવે છે ઉચ્ચ સ્તરીય વિશેષતાઓની વ્યાપક શ્રેણી. ઉત્તમ હાઈડ્રોલિક્સથી વિશ્વ સ્તરના સંચાલક અનુભવ સુધી, અર્થમાસ્ટર SX સ્માર્ટ 50 તમને એ બધું જ આપે છે જે તમે કાયમ પરવડે એવાં ખર્ચમાં મેળવવા ઈચ્છતા હતા.

## બિગર બકેટ્સ:

- વધુ મોટા લોડર (1.1 $m^3$) અને બૅકહો બકેટ્સ (0.27 $m^3$) સાથે **ઊચ્ચ ઉત્પાદકતા**
- મહિન્દ્રા અર્થમાસ્ટર બૅકહો બકેટ પ્રતિસ્પર્ધીની તુલનાએ આશરે **8% વધુ મોટું** છે.





## સ્લાઈડિંગ ફ્રેમ:

- એચ-ફ્રેમ ડિઝાઈન સાથે **મશીનની ઓછી જાળવણી**, જે અન્ય મશીનોની જેમ ધૂળ જમા ન થાય તે સુનિશ્ચિત કરે છે.
- આની 12-બોલ્ટ સપોર્ટ પ્લેટ ડિઝાઈન અને સંતુલિત વજન વિતરણને લીધે વધુ **સારી પકડ અને સ્થિરતા.**



## બનાના બૂમ:

- બૂમની **બહેતર આવરદા અને પ્રભાવી ક્ષમતા** જેનો શ્રેય તેની એક્સકેવેટર જેવી રચનાને મળે છે. બૂમના છેડે રહેલી જાડી પ્લેટો સાથે બાંધકામ થાય છે.
- આની ક્લોઝ્ડ બૉક્સ સેક્શન રચનાને લીધે **વધુ બંધારણીય ક્ષમતા અને મજબૂતી**.
- આની બૂમ ડિઝાઈન બૉડી સાથે ક્યારેય હસ્તક્ષેપ ન કરતી હોવાથી **ટિપર્સ અને ટ્રોલીઝ ભરવામાં સરળતા.**






## બંધારણ:

- જ્યાં મજબૂતી જરૂરી હોય એવાં વપરાશો માટે સામાન્ય કરતા 2 mm વધુ જાડી પ્લેટ્સ સાથે **વધુ ઊંડી ખોદણી**.
- 63 mm જાડા બીમ સાથે આગલાં એક્સેલની **ભાર વહન કરવાની વધુ ક્ષમતા**, જે મશીનને ભારે કાર્યો લોડર એપ્લિકેશનમાં કરવામાં સહાયક બને છે.



## હાઈડ્રોલિક્સ:

- ઊચ્ચ ફ્લો-હેન્ડલિંગ ક્ષમતા અને દબાણના ઓછા વ્યયને લીધે **બૅકહોની બહેતર સ્પીડ અને કામગીરી**.
- ઍંજિન પર ઓછા લોડ સાથે **બહેતર ઈંધણ કાર્યદક્ષતા** અને હાઈડ્રોલિક રીફિલ્સની ઓછી જરૂરિયાત.
- 3000 કલાકના હાઈડ્રોલિક ઑઈલ બદલી અંતરાળને લીધે **પ્રતિ કલાક ઓછો જાળવણી ખર્ચ**. જે વધુ બચતોમાં પરિણમે છે.
- બહેતર હોઝીસ અને ટ્યુબ્સ સાથે **બહેતર કામગીરી**, ઊચ્ચ ફ્લો ક્ષમતા ધરાવતા બૅકહો, લોડર કન્ટ્રોલ વાલ્વ, અને દબાણનો વ્યય ઓછો કરવા સમુચિત હાઈડ્રોલિક સર્કિટ જે ભારતીય સાઈટની ખડતલ સ્થિતિઓ માટે આદર્શ છે.



## ફાઈનલ ડ્રાઈવ:

- વિશ્ર્વસનીય એગ્રીગેટ્સ જે તેની રચનાને લીધે નિષ્ફળ જવાની ઓછી સંભાવના ધરાવે છે અને ચઢાણની સ્થિતિમાં પણ બધાં જ પાર્ટસમાં **બહેતર લ્યૂબ્રિકેશન** સુનિશ્ચિત કરે છે, પરિણામે **ફાઈનલ ડ્રાઈવની આવરદામાં વધારો થાય છે.**
- ફાઈનલ ડ્રાઈવમાં 3 વિભાગો સામેલ છે - 2 હબ્સ અને 1 મિડલ સેક્શન ઑઈલ સીલ્સ દ્વારા અલગ કરેલ ડિફ્રેન્શિયલ સહિત.
- પાવર ટ્રેઈનમાં સર્વોચ્ચ સર્વિસ રીફિલ ક્ષમતા સાથે ભારતીય બજારમાં **સિદ્ધ થયેલ અને સૌથી જૂનું.**

# કેબિન
# કમ્ફર્ટ

મહિન્દ્રાનું માનવું છે કે મશીનનો સૌથી અગત્યનો હિસ્સો તેનું સંચાલન કરતી વ્યક્તિ છે. એટલે જ સંચાલકના અનુભવને લાંબા કલાકો સુધી કામ કરતી વખતે આરામદાયક બનાવવા અને સંચાલકોને થાક ઓછો લાગે એ સુશ્ચિત કરવા અમે સખત મહેનત કરી છે. સંચાલકો તેમની રોજિંદી વસ્તુઓ સરળતાથી મશીનમાં રાખી શકે છે. અર્થમાસ્ટર SX સ્માર્ટ 50 અર્ગોનોમિક રીતે રચના કરાયેલ વ્યવસ્થિત કેબિન ધરાવે છે, જેથી સંચાલક પૂરું ધ્યાન ઉત્પાદકતા પર આપી શકે.


## કેબિનની વિશેષતાઓ:


કોટ હેંગર


વૉટર બૉટલ હોલ્ડર


મોબાઈલ હોલ્ડર


ટિન્ટેડ ગ્લાસ


કેબિન ફેન


ટ્રિપ મીટર







# તમારા બિઝનેસને નિયંત્રિત કરો
## તમારા ખિસ્સા માંથી

અર્થમાસ્ટર SX સ્માર્ટ 50 અદ્યતન મહિન્દ્રા IMAXX ટેલીમેટિક્સ રિમોટ કેર ટેક્નોલૉજી સહિત મળે છે. તમે આને તમારા પર્સનલ આસિસ્ટંટ તરીકે ગણી શકો છો, જે તમારા મશીન અને તમારા બિઝનેસ વિશે મહત્વની માહિતી સાથે તમને અપડેટ રાખે છે.

### મશીન હેલ્થ મૉનિટરિંગ
બૅટરી અને અલ્ટરનેટર હેલ્થ મૉનિટરિંગ
ઍંજિન ટેમ્પરેચર મૉનિટરિંગ

### રીઅલ ટાઈમ ફ્યુઅલ ટ્રૅકિંગ

### એલર્ટ્સ
જીઓફેન્સ ચેક-ઈન અને ચેક-આઉટ
અનિર્ધારિત સંચાલનો
સંચાલન/પરિવહન દરમિયાન સ્ટૉપેજીસ

### લોકેશન ટ્રૅકિંગ
લાઈવ લોકેશન સરનામા સહિત
હિસ્ટોરિકલ લોકેશન રીપ્લે
નજીકના ડીલરો
નજીકના સર્વિસ સ્ટેશનો

### વેહિકલ પર્ફોર્મન્સ રિપૉર્ટ
ઍંજિન અવર રિપૉર્ટ
ડેઈલી વેહિકલ રિપૉર્ટ
મશીન ડાયગ્નોસ્ટિક રિપૉર્ટ

### સર્વિસ રીમાઈન્ડર્સ

### ઑપરેટર પર્ફોર્મન્સ મેનેજમેન્ટ

SX SMART 50

## ઓછો સંચાલન ખર્ચ.

# ઊચ્ચ નફો.

અર્થમાસ્ટર SX સ્માર્ટ 50 ચલાવવાનો ખર્ચ બેજોડ છે. અન્ય બધાં જ મશીનો કરતા ઓછો. જુઓ, શા માટે:

- **સૌથી ઓછી કલાક-દીઠ સર્વિસ જેને લીધે જાળવણી ખર્ચ ઓછો થાય છે.**
- **વધુ લાંબો હાઈડ્રૉલિક ઑઈલ બદલી અંતરાળ.**
- **પરવડે એવાં સર્વિસ પાર્ટસ.**
- **પ્રતિ લીટર સૌથી ઓછા ખર્ચ સાથે પરવડે એવા અને અસરકારક લ્યૂબ્રિકંટ્સ.**
- **ઓછી રિફિલ ક્ષમતા.**
- **ઊચ્ચ ચેન્જ ઈન્ટરવલ.**



SX SMART 50

₹ ચલાવવાનો સૌથી ઓછો ખર્ચ

# અનેક વપરાશો.

## એક જ પરિણામ: નફો


ટ્રેન્ચિંગ


પાઈપ બેસાડવા


મનરેગા


ઓગર


ટ્રોલી ફિલિંગ


રોક બ્રેકર

## પહોંચ અને
# વ્યાપ

મહિન્દ્રા કન્સ્ટ્રક્શન ઈક્વિપમેંટ ડીલરો સમજે છે કે આ મશીનો માટે વેચાણ પછી ઉત્તમ સેલ્સ સપોર્ટ માગી લેતો બિઝનેસ છે. અમે દરેક વખતે ગ્રાહકને સંતુષ્ટ કરવાનો ઉદ્દેશ્ય રાખીએ છીએ અને આ માટે મશીનની સંપૂર્ણ આવરદા દરમિયાન તેને જોઈતો સપોર્ટ પૂરો પાડવો જરૂરી છે એ સારી રીતે સમજીએ છીએ.


અમારા ઉદ્યોગ ક્ષેત્રે ગ્રાહકને શ્રેષ્ઠ સપોર્ટ પૂરો પાડવો એ અમારી નીતિ છે, ગ્રાહક અમારા માટે અમારા બિઝનેસનો હાર્દ છે. એટલું જ નહીં, મહિન્દ્રા કન્સ્ટ્રક્શન ઈક્વિપમેંટ અને અમારી ડીલરશિપ્સ તમારા મશીન્સ શક્ય એટલો ઓછો સમય બંધ રહે એ સુનિશ્ચિત કરવાનો હેતુ ધરાવે છે. આ રીતે:

**50+ ડીલરો ભારત ભરમાં**

**200+ સેલ્સ એક્ઝિક્યુટિવ્સ**

**300+ તાલીમ પામેલ સર્વિસ એંજિનિયરો**

**60+ સર્વિસ વેન્સ**




5X SMART50

## સર્વિસ અને
# સપોર્ટ

વિશ્વ સ્તરના ગ્રાહક આધારના અમારા વચનની પૂર્તિ માટે મહિન્દ્રા કન્સ્ટ્રક્શન ઈક્વિપમેંટ ડીલરોના તેના સર્વગ્રાહી માળખામાં રોકાણ અવિરત રાખે છે, જેઓ તમને જોઈતો બધો જ આધાર તમારા ઘર આંગણે પૂરો પાડે છે. અમારી સેવાઓમાં સામેલ છે સરળ સેવા, મહિન્દ્રા જેન્યુઇન સર્વિસીસ, મહિન્દ્રા જેન્યુઇન પાર્ટસ, મહિન્દ્રા લ્યૂબ્રિકંટ્સ અને મહિન્દ્રા અટેચમેન્ટ્સ ઉપરાંત અન્ય અનેક.



mahindra CONSTRUCTION EQUIPMENT
SERVICE & PARTS EXPRESS

mahindra CONSTRUCTION EQUIPMENT ATTACHMENTS

mahindra CONSTRUCTION EQUIPMENT GENUINE SERVICE


mahindra CONSTRUCTION EQUIPMENT LUBRICANTS

mahindra CONSTRUCTION EQUIPMENT GENUINE PARTS

mahindra CONSTRUCTION EQUIPMENT
SERVICE TOLL FREE NO. 1800-547-0086

m2all
હવે www.m2all.com પરથી ઓર્ડર કરો 200 પાર્ટસ ઓનલાઈન અને તમારા ઘરઆંગણે ડિલીવરી મેળવો.

# ટેકનિકલ
# વિવરણ






SX SMART50

| વિશેષતાઓ | |
|---|---|
| એક્સકેવેટર કન્ટ્રોલ્સ | મૅકેનિકલ લીવર્સ |
| ઈન્સ્ટ્રુમેંટ ક્લસ્ટર | એનેલૉગ |
| | IMAXX - GPS, GPRS આધારિત વેહિકલ હેલ્થ મૉનિટરિંગ અને ટ્રેકિંગ સિસ્ટમ |
| વૉરંટી | 1 વર્ષ^ની સ્ટાન્ડર્ડ વૉરંટી, અમર્યાદિત કલાકો |
| બનાના બૂમ ડિઝાઈન | હા |
| 180°C રિવૉલ્વિંગ સીટ્સ આર્મ રેસ્ટ અને સીટ બેલ્ટ્સ સહિત | હા |
| મોબાઈલ ચાર્જર | હા |
| સ્ટોરેજ બૉક્સ | હા |

| એંજિન | |
|---|---|
| મહિન્દ્રા ડીઝલ એંજિન | નેચરલી એસ્પિરેટેડ એનઈએફ એંજિન |
| સિલિંડર્સની સંખ્યા | 4 |
| ડિસપ્લેસમેંટ | 3532 $cm^3$ (ક્યુબિક સેન્ટિમીટર) |
| ગ્રોસ પાવર | 36.2 kW (49.2 HP) @ 2100 r/min |
| પીક ગ્રોસ ટૉર્ક | 235 Nm @ 1000-1300 r/min |

| હાઈડ્રૉલિક્સ | |
|---|---|
| સિસ્ટમ ટાઈપ અને પ્રેશર | ઑપન સેન્ટર: 21 MPa |
| પમ્પ ટાઈપ | ફિક્સ્ડ ડિસ્પ્લેસમેંટ, ગીઅર પમ્પ, |
| પમ્પ ડિલીવરી | 103 l/min @ 2100 r/min |
| કન્ટ્રોલ વાલ્વ્સ (બેકહો લોડર) | સેક્શનલ વાલ્વ્સ (સેન્ડવિચ ટાઈપ, અલગ અલગ બદલી શકાતા) |

**ટ્રાન્સમિશન**

**પ્રકાર:** ચાર સ્પીડ (4 ફોરવર્ડ, 4 રીવર્સ), ઓછો અવાજ, ટુ વ્હીલ ડ્રાઈવ (2 WD), સિન્ક્રો શટલ ટ્રાન્સમિશન સહિત ઈલેક્ટ્રિકલી સંચાલિત રીવર્સિંગ શટલ અને ટૉર્ક કન્વર્ટર

**એક્સેલ્સ**

**પાછલા એક્સેલ:** મજબૂત બેસાડેલ ડ્રાઈવ એક્સેલ સહિત આઉટબાઉન્ડ પ્લાનેટરી ફાઈનલ ડ્રાઈવ્સ, શોર્ટ ડ્રાઈવ શાફ્ટ સંચાલિત
**આગલાં એક્સેલ:** સેન્ટ્રલી પિવટેડ, નૉન-ડ્રિવન અનબૅલેન્સ્ડ ટાઈપ એક્સેલ, 16°Cના કુલ ઑસિલેશન સાથે, મેઈન પિન માટે રિમૉટ ગ્રીઝિંગ સુવિધા સહિત.

**બ્રેક્સ**

**સર્વિસ બ્રેક્સ:** હાઈડ્રૉલિકલી એક્યુએટેડ, સેલ્ફ એડ્જસ્ટિંગ, મેન્ટેનન્સ મુક્ત, તેલમાં ડુબાડેલ મલ્ટિ-ડિસ્ક, પાછલા એક્સેલ પર, સ્વતંત્ર ફૂટ પૅડલ્સ દ્વારા સંચાલિત, સામાન્ય સંચાલન માાટે સાથે જોડેલ
**પાર્કિંગ બ્રેક્સ:** હસ્ત સંચાલિત મૅકેનિકલી એક્યુએટેડ કેલિપર પ્રકારની બ્રેક

**ઈલેક્ટ્રિકલ્સ**

ડસ્ટ પ્રૂફ સ્વિચીસ, એંજિન ચાલુ અને બંધ કરવા ઈગ્નિશન કન્ટ્રોલ્સ, હૉર્ન અને રિવર્સ એલાર્મ, વૉટર અને ડસ્ટ પ્રૂફ ઈલેક્ટ્રિકલ કનેક્ટર્સ.
100Ah, 12V, ઓછી જાળવણી માગતી બટરી.
અલ્ટરનેટર: 90 એમ્પીઅર

**કેબિન**

અર્ગોનોમિક ડિઝાઈન સાથે સમકાલીન સ્ટાઈલિંગ ધરાવતી કેબિન, ઉત્તમ ઑપરેટર કમ્ફર્ટ, ડે ઍન્ડ નાઈટ ટાઈમ વિઝિબિલિટી, રીઅર વ્યૂ મિરર, મલ્ટીપલ સ્ટોરેજ વિકલ્પો, ટુ-ડોર એક્સેસ, સ્લાઈડિંગ પાછલી વિન્ડો, સ્ટૉએબલ દરવાજા અને એકીકૃત ટૂલ બૉક્સ. કેબિન ફ્રેમની રચના મજબૂત ટ્યુબ્યુલર સેક્શન્સ સાથે કરાઈ છે અને કાટથી લાંબા સમય સુધી સુરક્ષા માટે સીઈડી ટેક્નોલૉજી દ્વારા સંરક્ષિત છે. સંપૂર્ણ એડ્જસ્ટ કરી શકાતી પ્રીમિયમ ઑપરેટર સીટ સેફ્ટી બેલ્ટ સહિત. ઉત્તમ લેગ સ્પેસ, સાનુકૂળ સ્થિતિ ધરાવતા કન્ટ્રૉલ લીવર્સ અને પૅડલ્સ. લો લાઈન કર્વ્ડ હૂડ જે ઑપરેટરની વિઝિબિલિટી વધારે છે. ROPS, FOPS અનુપાલન - હા

**સ્ટીઅરિંગ**

ફ્રન્ટ વ્હીલ હાઈડ્રૉસ્ટેટિક પાવર સ્ટીઅરિંગ, પ્રાયોરિટી ફંક્શન અને પ્રેશર રીલીફ વાલ્વ સહિત. પાવર ફેલ્યૉરના કિસ્સામાં ઈમર્જન્સી સ્ટીઅરિંગ.

**ઑપરેટર ઈન્ફોર્મેશન**

**ફ્રન્ટ ક્લસ્ટર:** સ્પીડોમીટર, ટર્ન અને હેડ લાઈટ સિગ્નલ્સ સહિત જે r/min, કિલોમીટર રન, અવર્સ રન, ફ્યુઅલ લેવલ, તાપમાન દર્શાવે છે.

| બૅકહો પર્ફોર્મન્સ | | |
|---|---|---|
| મહત્તમ ડિગ ડેપ્થ | A | 4854 mm# |
| ગ્રાઉન્ડ લેવલ થી સ્લૂ સેન્ટર સુધીની પહોંચ | C | 5585 mm |
| ફુલ હાઈટ થી સ્લૂ સેન્ટર સુધીની પહોંચ | D | 2774 mm |
| મહત્તમ વર્કિંગ હાઈટ | F | 5793 mm# |
| મહત્તમ લૉડ ઑવર હાઈટ | G | 3952 mm# |
| મશીનના સેન્ટર સુધી સાઈડ પહોંચ | E | 6115 mm |
| એક્સકેવેટર પિવટ મૅકેનિઝમ | | સાઈડ શિફ્ટ |
| બૅકહો બકેટ ટીઅરઆઉટ ફોર્સ | | 5154 kg |
| બૅકહો આર્મ ટીઅરઆઉટ ફોર્સ | | 3210 kg |
| બકેટ પિવટને પૂર્ણ પહોંચ સુધી લિફ્ટ કરવાની ક્ષમતા (કોઈ બકેટ લગાડેલ નથી) (SAE J31) | | 1403 kg |
| બૅકહો બકેટ કેપેસિટી | | 0.27 $m^3$ (ક્યુબિક મીટર) |

| લોડર પર્ફોર્મન્સ | | |
|---|---|---|
| ડમ્પની ઊંચાઈ | M | 2708 mm |
| લૉડ ઑવર ઊંચાઈ | N | 3253 mm |
| જમીન પર પહોંચ | Q | 1350 mm |
| સંપૂર્ણ ઊંચાઈ પર મહત્તમ પહોંચ | R | 1115 mm |
| લોડર બકેટ બ્રેકઆઉટ ફોર્સ | | 4867 kg |
| લોડર આર્મ બ્રેકઆઉટ ફોર્સ | | 3902 kg |
| લોડર લિફ્ટ ક્ષમતા સંપૂર્ણ ઊંચાઈ પર | | 2493 kg |
| લોડર બકેટ કેપેસિટી | | 1.1 $m^3$ (ક્યુબિક મીટર) |

| સ્પીડ (ગીઅર - F/R) | |
|---|---|
| 1લું ગીઅર F/R | 4.9 km/h (max) |
| 2જું ગીઅર F/R | 7.8 km/h (max) |
| 3જું ગીઅર F/R | 20.6 km/h (max) |
| 4થું ગીઅર F/R | 33 km/h (max) |

| સર્વિસ ક્ષમતાઓ | સિસ્ટમ ક્ષમતાઓ | સર્વિસ રિપ્લેસમેંટ કેપેસિટીઝ |
|---|---|---|
| હાઈડ્રૉલિક ઑઈલ સર્કિટ કેપેસિટી | 100 લીટર | 50 લીટર |
| ઇંધણ ટાંકી | 120 લીટર | 120 લીટર |
| એંજિન કૂલંટ | 17 લીટર | 17 લીટર |
| એંજિન ઑઈલ | 13.7 લીટર | 13 લીટર |
| ટ્રાન્સમિશન | 19.20 લીટર | 10.20 લીટર |
| રીઅર એક્સેલ | 17.10 લીટર | 17.10 લીટર |

| ટાયર્સ | સ્ટાન્ડર્ડ (ટ્રેક્શન) (ઈન્ડસ્ટ્રીયલ) | વૈકલ્પિક (હેવી ડ્યુટી) |
|---|---|---|
| આગલા | 9.00 - 16 16 PR | 9.00 - 16 16 PR |
| પાછલા | 16.9 - 28 12 PR | 14.00 - 25 20 PR/ 12PR |

| ટર્નિંગ રેડિયસ | |
|---|---|
| આઉટસાઈડ બકેટ (ઈનર વ્હીલ્સ બ્રેક્ડ) | 4494 mm |
| આઉટસાઈડ વ્હીલ્સ (ઈનર વ્હીલ્સ બ્રેક્ડ) | 3091 mm |
| આઉટસાઈડ બકેટ (ઈનર વ્હીલ્સ નૉટ બ્રેક્ડ) | 5697 mm |
| આઉટસાઈડ વ્હીલ્સ (ઈનર વ્હીલ્સ નૉટ બ્રેક્ડ) | 4464 mm |

| વાહનનું શિપિંગ વજન | |
|---|---|
| મશીનનું ઈન્ડસ્ટ્રીયલ ટાયર્સ સહિત શિપિંગ વજન | 7477 kg |
| એચડી ટાયર સાથે મશીનનું શિપિંગ વજન | 7586 kg |

ટેકનિકલ વિવરણો, વિશેષતાઓ પૂર્વ સૂચના વિના ફેરફારને આધીન રહે છે. ઉપયોગ કરેલા ચિત્રો માત્ર રજુઆતના હેતુસર છે. દર્શાવેલી એક્સેસરીઝ સ્ટાન્ડર્ડ પ્રોડક્ટનો હિસ્સો ન પણ હોય. વાસ્તવિક રંગો અલગ હોઈ શકે છે. ભૂલચૂક લેવી દેવી. ^માનક અપવર્જનો લાગુ. વૉરંટી વિશે વધુ વિગતો માટે કૃપા કરી તમારા નજીકના ડીલરની મુલાકાત કરો. *સરકાર માન્ય સ્વતંત્ર એજન્સી અનુસાર મેન્યુફેક્ચરરના સ્ટાન્ડર્ડ **PER/VEH/21 પ્રમાણિત હેઠળ 1450 r/min** પર.
**#મૂલ્ય માપણી માપણીની વિશિષ્ટ સ્થિતિઓ હેઠળ કરવામાં આવી છે.** *ગૅરંટી માત્ર SX પર લાગુ છે. ગૅરંટી વિશે વધુ માહિતી માટે કૃપા કરી મુલાકાત કરો www.mahindraconstructionequipment.com

ડીલરનું નામ


**મહિન્દ્રા કન્સ્ટ્રક્શન ઈક્વિપમેંટ**

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા | સીઈ બિઝનેસ |

પ્લૉટ નં. #A-1/1, ચાકન ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ IV, વિલેજ નિગોજે ચાકન,

તાલુકા-ખેડ, જિલ્લો: પૂના - 410501, મહારાષ્ટ્ર, ભારત.

ટોલ ફ્રી હેલ્પલાઈન: 1800 547 0086, વેબસાઈટ: www.MahindraConstructionEquipment.com

ઈમેઈલ: mce.marketing@mahindra.com